# ગુજરાતી હેન્ડલૂમ ક્રાફ્ટના કારીગરોને સિટીના ડિઝાઇનર્સ માર્ગદર્શન આપશે

## હેન્ડલૂમ ડે સેલિબ્રેશનમાં સિટીના ફેશન ડિઝાઇનર્સ, ફેશન બ્લોગર્સ અને ઇન્ફ્લુએન્ઝર્સની મીટઅપ યોજાઈ...

**સિટી લાઈફ ▸▸** એચએસબીસી, હેન્ડમેડ ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ અંતર્ગત ઈડીઆઈઆઈ દ્વારા, મુનિસિફ ઈવેન્ટ અને મલ્ટિટાસ્કિંગ મોમીઝ ગ્રૂપના સહકારથી સિટીમાં નેશનલ હેન્ડલૂમ ડેનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. હેન્ડલૂમ ડે નિમિત્તે સિટીમાં સુરેન્દ્રનગર ક્લસ્ટરના પટોળા અને ટાંગલિયા કલાના કારીગરોનું વર્ક ડિસ્પ્લેમાં મુકાયું. એક્ઝિબિશનની સાથે સાથે મીટઅપ યોજાયું હતું જેમાં સિટીના ફેશન ડિઝાઈનર, ફેશન બ્લોગર અને ઈન્ફ્લુએન્ઝર જોડાયા હતા. હવે, હસ્તકલા કારીગરને લેટેસ્ટ કલર, ડિઝાઈન, મોર્ડન ક્રાઉડ અને ફેશન ટ્રેન્ડ માટે સિટીના ફેશન ડિઝાઈનર મદદ કરશે.



### પટોળામાંથી સ્કાર્ફ, સ્ટોલ, પાકીટ અને માસ્ક જેવી રનિંગ અને ટ્રેન્ડી વસ્તુ બનાવી શકાય

ડિઝાઇનર્સની નેટવર્કિંગ મીટઅપમાં ડિઝાઇનર્સે કારીગરોને કહ્યું કે, પટોળા કે ટાંગલિયાની સાડી દરેકને ન પોસાય અને દરેક સાડી પહેરતા હોય તેવું જરૂરી નથી ત્યારે પટોળા, ટાંગલિયા કે અન્ય કોઈ કોઈ હેન્ડિક્રાફ્ટ વધારેને વધારે લોકો સુધી પહોંચે તે માટે લોકોની જરૂરિયાત જાણવી જોઈએ. પટોળામાંથી સ્કાર્ફ, પાકીટ અને માસ્ક જેવી રનિંગ અને ટ્રેન્ડી વસ્તુ બનાવની જોઈએ જેથી તે દરેક સુધી પહોંચી શકે. ટાંગલિયા કલાથી સ્ટોલ, પર્સ, બંદિશ, ક્લચર, રાખડી બનાવીને વધારે ફાયદો કરી શકાય છે.

### કારીગરો એક જ ઘરેડમાં કામ કરે છે

રબારી એમ્બ્રોઇડરી, પિથોરા પેઇન્ટિંગ, કાઠી વર્ક વિશે યંગ જનરેશનને ખ્યાલ નથી પટોળા વિશે દરેકને ખ્યાલ છે પરંતુ તેમને એવું છે કે પટોળા તો દાદી અને મમ્મી જ પહેરે. આ આજ આપણું હેરિટેજ છે ત્યારે તેના માટે યંગસ્ટર પણ અવેર થવા જોઈએ એટલે આનું બ્રાન્ડિંગ અલગ રીતે કરવાની જરૂર છે. અત્યારે પટોળામાં પણ કારીગરો એક જ ઘરેડમાં કામ કરે છે. ડિઝાઇનમાં ફૂલ, હાથી અને પોપટ જ જોવા મળે છે તેઓ ડિઝાઇનમાં વેરિએશન લાવતા નથી. હસ્તકલાની ભારત કરતા વિદેશોમાં વધુ માંગ છે ત્યારે સૌ પટોળા અને અન્ય હેન્ડલૂમ ક્રાફટમાં વેરિએશન માંગે છે.

- શાલીની શેખ અમિન, ડિઝાઇનર